ગાંધીનગર સમાચાર

એટીએમનું નવું નામ... 'આવશે તો મળશે'

# સિવિલમાં જન ઔષધિ સ્ટોરનો પ્રારંભ







ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં દર્દીઓને સારી ગુણવત્તાની દવાઓ વ્યાજબી ભાવે ઉપલબ્ધ થાય તેવા ઉમદા આશયથી દીનદયાળ પ્રધાન મંત્રી જન ઔષધિ સ્ટોરનો આજરોજ રાજયમાં ૫૦ જેટલા સ્થળોએ શુભારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગાંધીનગર સીવિલ હોસ્પિટલ ખાતે આ સ્ટોરનો આરંભ થયો છે. હાલમાં ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતેનો સ્ટોર નિયમિત રીતે સવારના ૮.૦૦ કલાકથી રાત્રિના ૮.૦૦ કલાક સુધી ખુલ્લો રહેશે. તેમજ સ્ટોર પર જેનેરીક દવાઓનું વિતરણ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં આજથી આરંભ થયેલ દીનદયાળ પ્રધાન મંત્રી જન ઔષધિ સ્ટોરને ગાંધીનગર સીવિલ હોસ્પિટલ ખાતે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે અને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલની ઉપસ્થિતીમાં ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે યોજાયેલ સમારંભમાં ગુડાના ચેરમેન આશિષભાઈ દવે જણાવ્યું હતું કે, ચાર પાયાના સિધ્ધાંતો પર કામ કરતી સરકારના સંવેદનશીલ સિધ્ધાંતને અનુસરીને આજે ગાંધીનગર જિલ્લા સહિત રાજયના કુલ-૫૦ જેટલા સ્થળોએ દીનદયાળ પ્રધાન મંત્રી જન ઔષધિ સ્ટોરનો આરંભ કરવામાં આવ્યો છે. કેન્દ્ર અને રાજયની સરકાર લોકશાહીની સુવિધામાં શુ હોય તે માર્ગ પર કામ કરી રહી છે. સરકાર દ્વારા દેશના નાગરિકોની આરોગ્યલક્ષી સેવાઓના કામને પ્રાધાન્ય આપ્યું છે.

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે, દવાઓ માણસના જીવનમાં જન્મ થી મરણ સુધીના સમયમાં બહુ ઘાટ રીતે સકાળાયેલ છે. કંપની દ્વારા વેચાણમાં મુકાયેલ દવાની કિંમતો ઉંચી હોય છે. ઉંચી કિંમતોએ દવા ખરીદી કરવાનું ગરીબ અને સામાન્ય ઘરના લોકો માટે કયારેક ભારરૂપ બની જતું હોય છે. જેથી કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સહિત દેશના વિવિધ રાજયોમાં આવા જેનેરીક દવાના સ્ટોર ઉભા કરવામાં આવી રહ્યાં છે. ડાંકટરોને જેનેરીક દવાઓ લખવાનો પણ અનુરોધ કર્યો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલે સરકારની વિવિધ આરોગ્ય લક્ષી સેવાઓ અને યોજનાઓની વાત કરીને જેનેરીક દવાઓના સ્ટોર મધ્યમ અને ગરીબ પરિવાર માટે કેવી રીતે આર્શીવાદ સમા બનશે, તેની વિસ્તૃત વાત કરી હતી.

ગુજરાત રાજય આરોગ્ય ક્ષેત્રે પણ હરણફાળ ભરી રહ્યું છે, તેવું કહી ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે રાજય સરકારની વિવિધ આરોગ્ય લક્ષી સેવાઓ, યોજના અને વિવિધ કામગીરીની વિસ્તૃત વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય આરોગ્ય એકાઉન્ટના આંકડા મુજબ દેશની જનતા અંદાજિત રૂ. ૨.૯ લાખ કરોડ જેટલો ખર્ચે પોતાના ખિસ્સામાંથી આરોગ્યની સેવાઓ માટે કરે છે. જેના સમાવેશ આરોગ્ય વીમા કે અન્ય આરોગ્યલક્ષી સેવા આપતી યોજના અંતર્ગત થતો નથી. આમ દેશના આરોગ્ય માટે કરવામાં આવતા બજેટ ફાળવણીના ૬૯ ટકા જેટલો થવા પામે છે. આરોગ્ય સેવાઓ પાછળ ખર્ચવામાં આવતા સમગ્ર ખર્ચાના રૂ. ૧.૫ લાખ કરોડ દવાઓ પાછળ ખર્ચાય છે.

ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે યોજાયેલ સમારંભમાં ગાંધીનગર સીવીલ હોસ્પિટલના સીવીલ સર્જન શ્રી બીપીનભાઈ નાયક, જી.એમ.આર.એસ મેડીકલ કોલેજના ડીન ડૉ. અરુણ વ્યાસ અને ચેરમેન શ્રી જે.જી.બુચ, સીવીલ હોસ્પિટલના આર.એમ.ઓ શ્રી કલ્પેશભાઈ શાહ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણી, મહાનગરપાલિકાના મેડીકલ ઓફિસર ડૉ. દિનેશ બારોટ, ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. અનિલભાઈ ચૌહાણ સહિત મોટી સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## @ગાંધીનગર

● રંજનબેન બ્રહ્મભટ્ટ તરફથી પંચદેવ મંદિર સે-૨૨ ખાતે બપોરે ૨.૩૦થી ૫.૩૦ આનંદનો ગરબો યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા શકરીબેન પટેલ, સે-૨-બી પ્લોટ નં. ૧૩૫૨/૨ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૦૦ દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

## સ્વ. પ્રવીણભાઈ મણિયારને રાજયપાલશ્રીની ભાવભરી અંજલિ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જાણીતા શિક્ષણશાસ્ત્રી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ અગ્રણી શ્રી પ્રવીણભાઈ મણિયારના દુ:ખદ નિધન અંગે ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.

રાજયપાલશ્રીએ શોક સંદેશમાં જણાવ્યું છે કે શ્રી પ્રવીણભાઈ મણિયારનું શિક્ષણ અને સમાજ સેવા ક્ષેત્રે આપેલ યોગદાન હંમેશા યાદ રહેશે.

ઈશ્વર દિવંગતના આત્માને ચિર શાંતિ પ્રદાન કરે અને તેમના પરિવાર અને સ્નેહીજનોને આ અસહનીય દુ:ખ સહન કરવાની શકિત આપે, તેવી તેમણે પ્રાર્થના કરી છે.

## પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામનો 'સ્નેહમિલન સમારોહ, તેજસ્વી તારલાઓનો અભિવાદન તથા દ્વિતીય જીવનસાથી પસંદગી મેળાનું આયોજન' આગામી તા. ૨૦-૧૧-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ઉત્કંઠેશ્વર મહાદેવ મંગળદાસ સોમાભાઈ અને શ્રીમતી જીવીબેન મંગળદાસ પ્રજાપતિ વિશ્રાંતિ ભવન ખાતે યોજવામાં આવેલ છે. જેમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન, ચક્ષુદાતાના વારસદારોનું અભિવાદન, પરીવાર કલ્યાણ મંચના લાભાર્થીઓને સહાયની રકમ ચૂકવવામાં આવશે. સ્નેહમિલનના બીજા સેશનમાં દ્વિતીય જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરેલ છે તો સર્વે જ્ઞાતિબંધુઓએ સહપરિવાર આ સ્નેહમિલનમાં પધારવા સમાજના પ્રમુખ નારણભાઈ એસ. પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા પ્રારંભ થયેલા જનરિક દવાના સ્ટોર પર પ્રથમ દિવસે જ સાંજ સુધી ભીડ જોવા મળી હતી. આ સ્ટોર પરથી સૌથી વધુ સિનિયર સીટીઝન્સે દવાઓની ખરીદી કરી હતી.

● ગાંધીનગરથી વિજાપુર વચ્ચે ચાલતી મીની બસ અચાનક એસટી ડેપો દ્વારા બંધ કરી દેવાથી આ બસના નિયમિત અપડાઉન કરતા મુસાફરો જેમાં વ્યવસાયિકો, નોકરિયાતો તથા વિદ્યાર્થીઓને હાલાકી પડી રહી છે. આ બસને પુન: પ્રારંભ કરવા આ મુસાફરોમાં માંગ ઉઠવા પામી છે.

● ગાંધીનગરની બેંકોમાં સોમવારથી ૫૦૦ની નવી નોટ આવી જશે તેવી વાતો વહેતી થવાને કારણે બેંકોના એક્ષચેન્જ કાઉન્ટર્સ પર નાગરિકોએ આ નોટની માંગ સતત કરી હતી. જો કે શહેરની એક પણ બેંકમાં ૫૦૦ની નવી નોટ હજુ સુધી આવી નથી.

● બેંકોમાંથી સપ્તાહની ઉપાડ મર્યાદા ૨૦ હજારથી વધારીને ૨૪ હજાર કરાતા એક માસના કુલ ૯૬ હજાર ઉપાડી શકાશે. આ જાહેરાતના પગલે લગ્નપ્રસંગના આયોજકોને ઘણી મોટી રાહત જણાઈ રહી છે.

● ગાંધીનગરના માહિતી ખાતાના મહિલા અધિકારી પ્રજ્ઞાબેન પટેલ માઉન્ટ એવરેસ્ટ પર પર્વતારોહણ કરવા ગયેલા છે. તેમની પાસે અત્યારે અહીંથી લઈ ગયેલ ૫૦૦/૧૦૦૦ની જ નોટો હોવાથી હાલ નેપાળમાં તેમને ભારે અગવડનો સામનો કરવો પડી રહ્યો છે.

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ મુંદ્રા પોર્ટની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બી.પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશનનાં સેમેસ્ટર-૬ નાં ૭૪ વિદ્યાર્થીઓએ તા. ૧૦ અને ૧૧ નવેમ્બરના રોજ કચ્છ જીલ્લામાં આવેલ મુન્દ્રા પોર્ટની મુલાકાત લીધી હતી. ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત પહેલા શ્રી પૂરુરાજસિંહ ઝાલા સાહેબે અદાણી ગ્રુપ વિષે સંપૂર્ણ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત લેવામાં આવી હતી જેમાં ૧૩૭ સ્કવેર કિલોમીટર સેઝ તેમજ ૯ સ્કવેર કિલોમીટર વેસ્ટ પોર્ટની મુલાકાત લીધી હતી.



વિદ્યાર્થીઓએ પ્રથમ દિવસે અદાણી પોર્ટ એન્ડ સેઝની મુલાકાત લીધી હતી ત્યાર બાદ વિદ્યાર્થીઓ અદાણી વિલમાર કંપની દ્વારા અહીં અલગ અલગ સન ફ્લાવર, ગ્રાઉંડ નટ ઓઈલ તેમજ સૉયાબીન ઓઈલ, વનસ્પતી ઘીનું રીફાઈન થાય છે. અહીં કાચો માલ કયાંથી આવે છે. તેમજ તમામ પ્રોસેસ બાબતે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી ખાધ્ય તેલની સંપૂર્ણ પ્રોસેસ વિદ્યાર્થીઓ ને ખૂબ સુંદર રીતે સમજાવવામાં આવ્યુ હતુ. અહીં આવેલ શાંતિનાથ મહાદેવનાં દર્શનનો મોકો વિદ્યાર્થીઓ ને મળ્યો હતો અને સાંજે સમૂહ આરતીમાં ભાગ લીધો હતો. જે દરેક માટે એક અદભૂત લહાવો હતો. શાંતિ વિહાર માં ચંદ્રકાંત પંડ્યા સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને રાત્રે ભોજન બાદ સાંસ્કૃતીક કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થા કરી આપી અને કાર્યક્રમમાં પણ હાજર રહ્યા હતા. તેમજ કાર્યક્રમમાં કંપની તરફ થી શ્રી દિપક આચાર્યા (કો- ઑર્ડિનેટર - ઉડાન પ્રૉજેક્ટ) ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સમગ્ર અદાણી ગ્રૂપ ઓફ કંપની બાબતે અત્યંત ઉપયોગી માહિતી ઉંડાણ પૂર્વક આપી હતી. સાંસ્કૃતીક કાર્યક્રમની શરૂઆતમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.બી.ઍ. કૉલેજ વતી ડૉ. જયેશ તન્નાએ કડી સર્વ વિદ્યાલય વિશે માહિતી આપી હતી. સાંસ્કૃતીક કાર્યક્રમ દરમ્યાન બી.બી.ઍ. નાં વિદ્યાર્થીઓ આશુતોષ ઝા, વિજય ચૌધરી, વ્યાસ હીરલ, સપના, મીરા ઉપાધ્યાય, અવની, શિવાની, વિશ્વા તેમજ હીના શુક્લા દ્વારા પોતાના અનુભવ વ્યક્ત કરતા જણાવ્યુ કે કૉલેજ દ્વારા આયોજીત આ વિઝિટમાંથી વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી માહિતી મળવાથી તેઓ પ્રેક્ટિકલ જ્ઞાનનો ઉપયોગ બિજનેસ સ્થાપવા તેમજ અન્ય વ્યાવસાયિક કૌશલ્યનું સિંચન કરશે. બી.બી.ઍ. નાં વિદ્યાર્થીઓ દ્વારા બીજા કલ્ચરલ પર્ફૉર્મેન્સ જેવા કે સંગીત વાદન, નૃત્ય અને ગરબા ભજવવામાં આવ્યા હતા. સાંસ્કૃતીક કાર્યક્રમનાં અંતમાં પ્રો. આશિષ ભુવાએ આભાર વિધિ કરી હતી.

ત્યારબાદ બીજા દિવસે સવારે ચંદ્રકાંત પંડયા દ્વારા યોગ, હવા, પાણી, ખોરાક તેમજ લાફિંગનાં ફાયદા સમજાવ્યા હતા. ઔધ્યોગીક મુલાકાતનાં બીજા દિવસે અદાણી વેસ્ટ પોર્ટ તેમજ અદાણી પાવર લિમિટેડ કે જે ભારત નો પ્રાઈવેટ ઑનર બેઈઝ પ્રથમ અને ઍશિયાનો બીજા ક્રમે આવતો પાવર પ્લાન્ટ છે કે જે ૪૬૨૦ મેગા વોટ પાવર પ્રોડક્ષનની ક્ષમતા ધરાવે છે તેની મુલાકાત લીધી હતી, વિદ્યુત ઉત્પાદન નાં બબ્બે પ્રકાર તેમજ તેના તમામ તબક્કાઓ બાબતે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યુ હતું. આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિનાં હેડ ડૉ જયેશ તન્ના, પ્રો. અમિતા પ્રજાપતિ, પ્રો. આશિષ ભુવા અને પ્રો. ઉન્નતિ વ્યાસ દ્વારા સંપૂર્ણ જવાબદારી નીભાવવામાં આવી હતી.



ગાંધીનગરના જાણીતા દલિત સર્જક-કવિશ્રી સાહિલ પરમાર સરકારી સેવામાંથી નિવૃત્ત થતાં તેમના કવિ-કર્મશીલ મિત્રોએ તેમને નિવૃત્ત જીવનની શુભકામનાઓ આપી હતી. હવે તેઓ સર્જનક્ષેત્રે વધુ મોકળાશથી ને બમણા જોરથી પ્રવૃત્ત થશે તેવી આશા વ્યકત કરી હતી.

# ટીંટોડા ગામે ગૂંજ ફાઉન્ડેશનનું વ્યસન મુકિત જાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં સેવાભાવી યુવાનોની સંસ્થા ગૂંજ ફાઉન્ડેશન દ્વારા ટીંટોડા ગામે રવિવારે વ્યસનમુકિત જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત ગામના યુવાનો તથા બાળકોને ગૂંજ ફાઉન્ડેશનના કાર્યકર્તાઓએ વ્યસનના દૂષણ અંગે મહિતી આપી તેને ત્યજવા પ્રેરિત કર્યા હતા. આ ઉપરાંત બાળકોને જીવનમાં સ્વચ્છતા અપનાવવા માટે પણ કાર્યકર્તાઓએ શીખ આપી હતી.

ગૂંજ ફાઉન્ડેશન દ્વારા ટીંટોડા ગામની પ્રાથમિક શાળાના સંકુલમાં યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગરના જાણીતા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલા, પત્રકાર કોલમિસ્ટ સમીર રામી, યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા તથા વિશાલ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ટીંટોડા ગામના આગેવાનો શૈલેન્દ્રસિંહ ઠાકોર, રોહિતજી ઠાકોર, તેમજ ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકર્તાઓ અને ગામના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાએ હાસ્યના માધ્યમથી શ્રોતાઓને રસતરબોળ કરવા સાથે વ્યસનથી દૂર રહેવા સમજાવ્યા હતા. જાણીતા કોલમિસ્ટ સમીર રામીએ યુવાનોને વ્યનસથી થતા ગેરફાયદા અને તકલીફોથી વાકેફ કર્યા હતા. જયારે વિશાલ મકવાણાએ બાળકોને સ્વચ્છતા જાળવણી અંગે મહત્વની ટીપ્સ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિજયસિંહ માજીરાણાએ કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં ટીંટોડાના અગ્રણી શૈલેન્દ્ર ઠાકોર તથા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રતિનિધિઓએ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

# એટીએમનું નવું નામ... 'આવશે તો મળશે'

## સોશ્યલ મિડીયા પર ચબરાકિયાંની ભરમાર હજુ પણ અવિરત પણે ચાલુ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં સરકારની 'નોટબંધી'ના પગલે સામાન્ય જનતા પોતાની પાસે રહેલી જુની ૫૦૦/૧૦૦૦ની ચલણી નોટો બદલાવવા બેંકોમાં લાંબી લાઈનો લગાડી રહ્યાં છે. દેશ આખો જયારે ચલણી નોટો બદલાવવાની ચિંતામાં પડયો છે ત્યારે એક મોટો વર્ગ એવો પણ છે જે સોશ્યલ મિડીયા પર સમગ્ર પરિસ્થિતિનો હળવા અંદાજમાં વ્યંગાત્મક સંદેશ સતત ફરતા રાખી આનંદ માણી રહ્યાં છે. આ સંદેશાઓમાં અદભૂત સર્જનાત્મકતા પણ જોવા મળી રહી છે.

● કયાંક એવી બેંક હોય તો કહેજો જયાં સંઘરી રાખેલી ગેરસમજો બદલી અપાતી હોય... આ તો ખાલી કીધું...!!!

● દશેરાના દિવસે બે કલાક લાઈમાં ઉભા રહી ફાફડાં-જલેબીના રૂપિયા ખર્ચ્યા ત્યારે કશોય કકળાટ કર્યો'તો? તો બકા હવે બેંકમાં ધીરજલાલનું ધોતિયું પકડીને જરીક ઉભો રેને.

● બેંકમાં કેશિયર બેભાન થતાં થતાં રહી ગયો જયારે એક બહેન ૨૦૦૦ની નોટ જોઈ બોલ્યા... 'ભાઈ, બીજો કલર બતાવોને...'

● ૨ હજારની નવી નોટ અસલી છે કે નહી તે ઓળખવાનો ઉપાય... નોટની સામે બે હાથ જોડી 'મોદી-મોદી' બોલશો તો નોટમાંથી 'મિત્રો-મિત્રો' એવો અવાજ આવશે...

● જે કાગળ હતો તે કાગળ થઈ ગયો, પ્રમાણિક માણસ અચાનક આગળ થઈ ગયો.




● દેવલોકમાં બધા દેવોએ મીટીંગ કરી, જે લોકો મંદિરમાં ૫૦૦/૧૦૦૦ની નોટ મુકે એમની બાધા-માનતાઓ હાલ સાઈડ પર રાખવી.

● 'શેર કભી ઘાસ નહી ખાતા...' એવું કહેવા વાળા અત્યારે કેવા બેંકની લાઈનમાં ઉભા ઉભા બાલાજી વેફર ખાતા હોય છે.

● ચીંથરે હાલ નોટનો શું ભરોસો.. ફાટી પણ જાય. પરચુરણને પ્રેમ કરતું એ બચપણ મળી આવે તો.. કંઈક મઝા આવી જાય.

● બ્રેકીંગ ન્યુઝ... બેંકના પટાવાળાને એક જ કલાકમાં ૪૮૭૯ ફ્રેન્ડઝ રીકવેસ્ટ આવી.

● જીયોની લાંબી લાઈન જોઈ મોદીએ કીધું, આપણે એનાથીએ મોટી લાઈન કરીશું... એ પણ રાતોરાત.

● વિચારુ છું આજે રાત્રે બે કોથળા પસ્તી સળગાવી મારું... પડોશીઓ પર વટ પડશે.

● નોટ અને નેટથી જેટલા છેટા રહેશો તેટલા સુખી થશો.

● ભારતની ક્રિકેટ ટીમ પણ મોદીના સપોર્ટમાં... ૪૮૮માં ઓલ આઉટ... ૫૦૦ બંધ એટલે બંધ જ.

● આજે પહેલીવાર ઘરમાં ભાઈઓને લડતા જોય.. મારી મા છે, એના એકાઉન્ટમાં અઢી લાખ હું નાંખીશ...

● આજે બધાય બે જ વસ્તુ ગોતે છે... કાંતો સોની, કાં તો ૧૦૦ની...

● ઉઠો જાગો અને નવી નોટ પ્રાપ્ત ન થાય ત્યા સુધી જંપો નહીં.. વિવેકાનંદનો ભાણો.

● વાહ, કયા બ્લાઈન્ડ ખેલા હે,

પુરા ઈન્ડિયા શો કર રહા હે.



ચાચા નહેરુનો જન્મદિવસ એટલે 'બાળ-દિન' ગાંધીનગરના કલાશ્રી ફાઉન્ડેશન દ્વારા બાળકો માટે આજે અનોખી રીતે બાળદિનની ઉજવણી કરવામાં આવી હતી. કલાશ્રી ફાઉન્ડેશનના કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવેલ ડૉલ્સને આજે ખાસ કરીને દિકરીઓ માટે ખુલ્લી મુકી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ચારા નહેરુને બાળકો સાથે ખુબ લગાવ હતો. વળી, તેમના એક મિત્ર શંકર જેઓ કાર્ટૂનિસ્ટ તેમજ ડૉલ આર્ટિસ્ટ હતા જે હંમેશા તેમની સાથે રહેતા. આજે પણ નવી દિલ્હી ખાતે શંકર્સ ડૉલ મ્યુઝિયમ છે જેને જોવા ઘણા પર્યટકો આવે છે. ગાંધીનગરના કલાશ્રી ફાઉન્ડેશનના હરિન ભટ્ટ પણ યોગાનુયોગ કાર્ટૂનિસ્ટ હોવા સાથે ડૉલ આર્ટિસ્ટનો સંયોગ ધરાવે છે. તેમણે કહ્યું હતું કે 'દિકરીઓને હંમેશા ઢીંગલીઓ સાથે રમવું ખૂબ ગમતું હોય છે, માટે જ આજે બાળ દિને અમારી બનાવેલી ડૉલ્સ સાથે દિકરીઓને રમવાની તક આપી અને આનંદની લાગણી અનુભવી છે.'

## ચિરવિદાય

● સ્વ. જીવણલાલ વિઠ્ઠલદાસ પોપટ, ઉ.વ. ૮૫